**<u>–:: આંક–૧ અન્વયે હુકમ ::–</u>**

**ફોજદારી કેસ નંબર: ૪૮/૨૦૨૬**

**<u>–:: હુકમ ::–</u>**

૧) સદર કામ આજરોજ લોક–અદાલત હોય સ્પેશીયલ સીટીંગ સંદર્ભે હાથ ઉપર લીધેલ હોય સદર કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સદર કામના ફરીયાદી ધ્વારા હાલના આરોપીઓ સામે **બોનસ ચુકવણી અધીનીયમની કલમ–૨૭(૪)**ના ભંગ અન્વયે બોનસ ચુકવણી અધીનીયમ–૧૯૬૫ ની કલમ–૨૮ હેઠળ શીક્ષાને પાત્ર ગુના સંદર્ભે ની ધોરણસર ફરીયાદ આ અદાલતમાં દાખલ કરતા આરોપી ને તે સંદર્ભે સમન્સ ઇશ્યુ કરવામાં આવેલ. આરોપીને સમન્સ બજી જતા આરોપીઓ સદર કામે હાજર થયેલ હોય અને આરોપી ધ્વારા ગુના ની કબુલાત પુરશીસ રજુ રાખેલ છે અને તેમા જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છાએ અને રાજી–ખુશીથી પોતાનો ગુનો કબુલ કરેલ છે, તેમજ ભવીષ્યમાં આવો ગુનો ફરીથી નહી કરે તેવી ખાત્રી આપેલ છે અને રહેમ રાખી ઓછામાં ઓછી શીક્ષા કરવા અરજ કરેલ છે.

૨) આરોપીઓ એ ગુના ની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વીરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતા આરોપીઓ પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ આરોપી ની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમા પણ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ આરોપી સ્વૈચ્છીક રીતે પોતાનો ગુનો કબુલ કરતા હોવાનુ જણાય છે.

૩) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત લક્ષમાં લેતાં તેમજ આરોપી/આરોપીઓ એ કરેલ રજુઆત મુજબ તેને પેતાના ગુના બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય અને અગાઉ કોઈ ગુનો ન કરેલા નુ આરોપી ધ્વારા જણાવેલ હોય, આમ, ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા આરોપીને શીક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શીક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવીશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વીરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.–૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંત લક્ષમાં લેતા, અને આરોપીઓ ધ્વારા કરેલ કબુલાતને લક્ષમાં લેતા હાલના આરોપી વીરૂધ્ધ ગુનો સાબીત થયેલ છે, તેમજ તેની રજુઆત ને તથા આજરોજ લોક–અદાલત હોય અને ઉપરોકત હકીકતો લક્ષમાં લઈ ન્યાય ના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧) સદર કામે આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ–૨૭૫ અન્વયે બોનસ ચુકવણી અધીનીયમ ની કલમ– ૨૭(૪)ના ભંગ અન્વયે બોનસ ચુકવણી અધીનીયમ–૧૯૬૫ ની કલમ–૨૮ હેઠળ તકસીરવાન ઠરાવીને દરેક <u>આરોપીને રૂપીયા ૧,૦૦૦/–(એક હજાર પુરા) દંડ ની સજા ફરમાવુ છું</u> અને જો દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવા નો આથી હુકમ કરવામાં આવે છે.આરોપી નં. – ૧ વતી આરોપી નં.– ૨ અને ૩ નાએ દંડ ભરવો.**

**<u>૨) આરોપીએ કુલ રૂપીયા ૩,૦૦૦/– (ત્રણ હજાર પુરા) દંડ ભરવો.</u>**

**હુકમ આજરોજ તારીખ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.**

**સુરત.**

**(હાર્દિક દીલીપભાઈ રાજપુરા)**
**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**એન્ડ લેબર જજ, કોર્ટ નંબર–૪**
**સુરત.**
**(CODE NO.GJ01291)**